નં. એન. એ. કે.રે.કો.ક. ફા કેસ નં. ૧૯૮/૨૦૦૦-૨૦૦૧

કલેકટર કચેરી
(બીનખેતી ગરનભેગ શાખા)
રાજકોટ તા. ૧૬-૭-૨૦૦૧

OFFICE OF THE COLLECTOR RAJKOT DIST. GUJARAT STATE

વિષય: રાજકોટ તાલુકાના નાનામવા માગ રેવન્યુ સ.નં. ૪૪ પૈકી જમીન ચો.મી. ૨૮૭૨૮-૦૦ ને રહેણાક હેતુ માટે બીનખેતીમાં ફેરવવાની પરવાનગી આપવા બાબત.

વંચાણે(૧) અરજદારશ્રી બજુભાઈ ગલાભાઈ શિવ વિ. રે. રાજકોટની તા. ૧૯-૧-૨૦૦૧ તથા ૯-૫-૨૦૦૧ ની અરજી

(૨) નાયબ નગર નિયોજકશ્રી રાજકોટના પત્રનં. રા.ન્યુ. કો. ટા. પ્લાન જા.નં. ૫૬૬૫ તા. ૨૦-૨-૨૦૦૧

(૩) ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી રાજકોટના પત્ર નં. એલએક્યુ-વશી-૭૩ તા. ૧૯-૨-૨૦૦૧

(૪) કાર્યપાલક ઈજનેરશ્રી ગુજરાત વિદ્યુત બોર્ડ રાજકોટ રુરલ નં. પત્રનં. રાગ્રવિ/ટેક-૧ બીનખેતી ૬૦૩ તા. ૧૪-૩-૨૦૦૧

(૫) નાયબ કલેકટરશ્રી જમીન સંપાદન અને પુનઃવસવાટ (સિંચાઈ) રાજકોટના પત્રનં. એલએક્યુ-વશી-બી ૧ થી ૨૦૦૧ તા. ૨૩-૨-૨૦૦૧

(૬) કાર્યપાલક ઈજનેરશ્રી મા.મ. વિભાગ જી.પંચા. રાજકોટ પત્ર નં. કાયવિ-એસ્ટા-૧-વશી-૭/૯૭ તા. ૮-૩-૦૧

(૭) કાર્યપાલક ઈજનેરશ્રી રાષ્ટ્રીય ધોરી માર્ગ વિભાગ રાજકોટના પત્ર નં. રીબી/૬૨૩ તા. ૨૩-૨-૦૧

(૮) મામલતદારશ્રી રાજકોટ તાલુકાના પત્રનં. જમન-વશી-૫૩૧ થી ૨૦૦૧ તા. ૨૧-૩-૨૦૦૧

(૯) કાર્યપાલક ઈજનેરશ્રી શહેર મા.મ. વિભાગ રાજકોટના પત્રનં. બીબી-બીનખેતી -૧૬૭ તા. ૨-૨-૨૦૦૧

(૧૦) નાયબ કલેકટરશ્રી રાજકોટના પત્ર નં. માક જમન-૧- વશી-૮૩૪ તા. ૨૦-૪-૨૦૦૧

(૧૧) મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી જીલ્લા પંચાયત રાજકોટના પત્રનં. પીએચ.સે-વશી-૪૧ તા. ...-૨-૨૦૦૧

(૧૨) સર્કલ ઓફીસરશ્રી બીનખેતી રાજકોટના અહેવાલ નં. સ.ઓ. વશી-૬૨૨/૨૦૭ તા. ૨-૫-૨૦૦૧

(૧૩) ઓ આ મારો અનામત રાખવાના જાહેરનામા નં. ડીઓ-રેવ-પાવર્ડ-વશી-૧૫૦૨-૧૫૦૭ તા.

તા. ૧૯-૭-૨૦૦૩

(૧૪) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ નં. જમન-૧૦૯૭-૯૨૮-અ તા. ૫-૭-૯૭ થી રૂપાંતર કર તથા બીનખેતી આકારો નક્કી થયા છે તે

હુકમ :--

રાજકોટ તાલુકાના નાનામવા ગામના સંયુક્ત ખાતેદારશ્રી બચુભાઈ મહેશભાઈ શીયલ તથા ભરતભાઈ રાવતભાઈ વાળાએ તેમના ગામ નમુના નં. ૮-અ ના ખાતા નં. ૨૨ ની જમીન સ.નં. ૪૪ પૈકી જમીન ચો.મી. ૨૮૩૨૮-૦૦ રહેણાંકના હેતુ માટે બીનખેતી માં ફેરવવા અત્રેને અરજી વંચાણ-૧ મુજબ રજુ કરવામાં આવેલ અરજદારની અરજી અન્વયે સંબંધીત ખાતાઓની કચેરીઓના 'ના-વાંધા પ્રમાણપત્ર' માંગવામાં આવેલ જે ઉપર વંચાણ-૨ થી ૧૨ સુધીના દર્શાવેલ પત્રોથી આવેલ છે તેમજ કોઈ તરફથી બીનખેતી કરવા વાંધા જનક હકીકત રજુ થયેલ નથી. વંચાણ-૨ મુજબની વિગતે નાયબ નગર નિયોજકશ્રી રાજકોટ મહાનગરપાલિકા પાસેથી એપ્રુવ્ડ કરાવી રજુ કરેલ લે-આઉટ પ્લાન જોતા ધનરાજ લેન્ડ પ્રા. લિ. ના નામની પેઢીએ એપ્રુવ્ડ કરાવેલ છે રેવન્યુ રેકર્ડ મુજબ પેઢી ખાતેદાર નથી તેમ છતા પેઢીએ કબુલાત આપેલ છે કે પેઢીના નામે એપ્રુવ થયેલ લે-આઉટ પ્લાનમાંથી પેઢીનું નામ રદ કરીને બચુ મહેશ વિગેરેના નામે એપ્રુવ કરવામાં આવે તો પેઢીને વાંધો નથી જે રીતે શ્રી બચુભાઈ મહેશ શીયલ વિગેરે ને નામે લે-આઉટ પ્લાન એપ્રુવ થઈ આવ્યેથી રિવાઈઝ્ડ લે-આઉટ પ્લાન મંજુરી કરવા બાબતે કાર્યવાહી કરવાની રહેશે.

આમ ઉપરોક્ત વંચાણ-૨ થી ૧૨ સુધીના દર્શાવેલ તમામ પત્રોનું અવલોકન કરતા સવાલવાળી જમીન રહેણાંક ના હેતુ માટે બીનખેતીમાં ફેરવવા હરકત રૂપ નથી તેમ વંચાણ ૧ થી ૧૨ મુજબના અભિપ્રાય આપેલ હોઈ સદરહુ જમીન બીનખેતીમાં ફેરવવા કોઈ હરકત જેવું જણાતુ નથી સબબ રાજકોટ તાલુકા ના નાનામવા ગામના સર્વે નં. ૪૪ પૈકી એ. ૭-૦૦ ગુંઠા લેન્ડ રેવન્યુ કોડ કલમ-૬૫ અનુસાર તથા વંચાણ-૧૩ ના જાહેરનામાથી અમોને મળેલ અધિકારની રૂએ નીચે જણાવેલ શરતોને આધીન રહીને બીનખેતીમાં ફેરવવાની આથી પરવાનગી આપવામાં આવે છે લે-આઉટ પ્લાન કોર્પોરેશન માંથી પોતાના નામે સુધારો કરાવી ખાતેદારે એપ્રુવ મંજુર કરાવી લેવાના રહેશે.

સવાલવાળી આ ખેતીની જમીનને રહેણાંકના હેતુ માટે બીનખેતીમાં ફેરવવા કુલ જમીન ચો.મી. ૨૮૩૨૮-૦૦ દર ચો.મી. એક ના રૂ. ૫-૦૦ લેખે રૂપાંતર કરની રકમ રૂ. ૧,૪૧,૬૪૦-૦૦ અંકે રૂપિયા એક લાખ એકતાલીસ

અંકે રૂપિયા [illegible] એક લાખ એકત્રીસ હજાર ત્રણસો ચાલીસ પુરા સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્ર રાજકોટમાં ચલન નં. જી-૧૧ તા. ૯-૭-૦૧ થી જમા કરાવીને અસલ ચલન અમોને રજુ કરવામાં આવેલ છે જે કેસ કાગળે સામેલ રાખવામાં આવેલ છે. સવાલવાળી જમીન બીનખેતીમાં ફેરવવામાં આવે છે તે માટે નીચેની શરતો ખાતેદાર તથા ઉત્તરોત્તર જમીન કે મકાન ખરીદ નારાઓને લાગુ પડશે.

શરતો :--

(૧) સવાલવાળી જમીન સ.નં. ૪૪ પૈકી એ. ૭-૦૦ ગુંઠા ચો.મી. ૨૮૩૨૮-૦૦ ને ફકત રહેણાકના હેતુ માટે જ બીનખેતીમાં ફેરવવાની પરવાનગી આપવામાં આવે છે. રહેણાંક હેતુ સીવાય અન્ય ઉપયોગ થઈ શકશે નહીં.

(૨) સવાલવાળી જમીનના લે-આઉટ પ્લાન તથા તેને અનુરૂપ ડીટેઈલ્ડ બીલ્ડીંગ પ્લાન તથા સાઈટ એલીવેશન પ્લાન આ હુકમ મળ્યાની તારીખથી એક માસની અંદર અરજદારશ્રીએ રાજકોટ મહાનગરપાલિકા પાસે મંજુર કરાવવાના રહેશે અને બે વર્ષમાં બાંધકામ કરવાનું રહેશે.

(૩) આ હુકમ સાથે જોડવામાં આવેલ પરિશિષ્ટ-૧ તથા પરિશિષ્ટ-૨ ની સમગ્રશરતો તથા બાબતો આ હુકમને લાગુ પાડવામાં આવે છે જેથી તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૪) આ હુકમ મળ્યાની તારીખથી દિવસ-૩૦ માં અરજદારશ્રીએ જીલ્લા નીરીક્ષકશ્રી જમીન દફતર, રાજકોટની કચેરીમાં સવાલવાળીજમીનની માપણી ફી ભરી માપણી કરાવી માપણી શીટની નકલ અમોને રજુ કરવાની રહેશે.

(૫) લે. આ. પ્લાન મંજુર થયેથી તેમાં સાર્વજનિક પ્લોટ તરીકે અનામત રાખવામાં આવેલ જગ્યાનો ઉપયોગ સાર્વજનિક હેતુ માટે જ થઈ શકશે તે સિવાય વ્યકિતગત ઉપયોગ માટે વેચાણ, ગીરો બક્ષીસ કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારના તબદીલ વ્યવહાર થઈ શકશે નહીં.

(૬) સવાલવાળી જમીનના આંતરીક રસ્તાઓ ગટરો વીજળી વિગેરે સુવિધાઓ અરજદારે પોતાના ખર્ચે નિયમોનુસાર તૈયાર કરાવી આપવાના રહેશે અથવા તો આ અંગે ધારા ધોરણે રાજકોટ મહાનગરપાલિકાને ડેવલપમેન્ટ ચાર્જ ભરવાનો રહેશે.

(૭) આ હુકમની શરત નં. ૪ નું પાલન થયે તેમજ અપીલ પીરીયડ પુરો થયા બાદ સનંદ નિયત નમુના માં મામલતદારશ્રી રાજકોટતાલુકા

તૈયાર કરી એ મોકલી આપવાની રહેશે.

(૮) સદરહુ જમીન ઉપર બાંધકામ કરતા પહેલા બાંધકામ કરેના લે-આઉટ પ્લાન સક્ષમ સત્તાધિકારીની પાસે મંજુર કરાવવાના રહેશે.

(૯) સરકારશ્રી તરફથી વખતો વખત નક્કી થાય તે દરે બીનખેતીનો આકાર ભરવાનો રહેશે.

(૧૦) સત્તાવાળાની જમીન પ્રવેશ અધિકૃત મેળવી લેવાની રહેશે સદર રોડ ની ઉપરાંત વર્ગીકરણ બાંધકામ રેખા નિયંત્રણ રેખા બાબતે જે તે સંબંધીત ખાતાનો અભિપ્રાય મેળવી લેવાનો રહેશે તેમજ અધિકૃત પ્રવેશ માર્ગ મેળવી લેવાનો રહેશે.

(૧૧) લાગુ બીનખેતીની અન્ય જમીનોમાંથી પ્રવેશ મેળવવાનો હોય તો જમીન માલીકની પ્રવેશ અંગેની મંજુરી મેળવવાની રહેશે તેમજ સ્થળ પર લાગુ રસ્તાઓ આવતા હોય તો પણ મેળવી લેવાના રહેશે તથા તે અંગે ધારકોને તથા ઉતરોત્તર ખરીદનારાઓને જાણ કરવાની રહેશે.

(૧૨) નવા બનતા દરેક મકાનમાં પુરતા પ્રમાણમાં પાણી સાથે જાજરૂ બનાવવાના રહેશે.

(૧૩) નવા બનતા દરેક મકાનમાં પીવાના પાણીની વ્યવસ્થા સાર્વજનિક ધોરણે કરવાની રહેશે.

(૧૪) નવા બનતા દરેક મકાનમાં ગંદા પાણીની નિકાલની પાકી ગટરો બનાવવાની રહેશે.

(૧૫) નવા બનતા દરેક મકાનમાં નિયમીત સાફ સફાઈ કરવાની રહેશે.

(૧૬) અંદરની તથા બહારના રસ્તાઓ પાકા કરવાના રહેશે

(૧૭) સરકારશ્રીના વખતો વખત ના બદલાતા નિયમો લાગુ પડશે.

(૧૮) નવા બનતા દરેક મકાનમાં હવા ઉજાસ માટે ક્રોસ વેન્ટીલેશન મુકવાના રહેશે.

(૧૯) નવા બનતા દરેક મકાનમાં ઉદ્યોગ ની સ્થાપના કરવી નહી હેતુફેર અંગે ફરીથી અભિપ્રાય લેવાની રહેશે.

(૨૦) સહીયારી કોમન પ્લાન અને રસ્તાની જમીન સોસાયટીની એટલે કે બધાની સહીયારી માલીકીની અથવા બધાં પ્લોટ હોલ્ડરોની સહીયારી માલીકીની ગણાશે ને ઉપર મુળ માલિકનો કોઈ હકક રહેશે નહી.

(૨૧) બાંધકામ ના નિયમોની જોગવાઈ મુજબ સોસાયટીની એટલે કે બધાની સહીયારી ઉપયોગ માટે ક્લબ, ઓફીસનું મકાન સહકારી ભંડાર

બાધેલા કોમન પ્લોટના ૧:૬ જેટલા ભાગના ક્ષેત્રફળમાં બાંધકામ કરવા પ્લોટ હોલ્ડરો ઇચ્છે તો મંજુરી મેળવી તેમ કરી શકે છે.

(૨૨) ઉપર-૨૧ માં જણાવ્યા સિવાય કોઇ પણ હેતુ માટે સાર્વજનિક ઉપયોગ હોય તો પણ કોમન પ્લોટમાં બાંધકામ કરી શકશે નહીં.

(૨૩) રસ્તા અને કોમન પ્લોટની જમીનનું હરરાજી બક્ષીસ થી કે અન્ય કોઇ પણ રીતે વેચાણ કે તબદીલી થઇ શકશે નહીં.

(૨૪) સાર્વજનિક પ્લોટ રસ્તા વગેરેની જમીનનો બીનખેતી આકાર પ્લોટ વેચાણ કરવામાં આવે ત્યાં સુધી મુળખાતેદાર અને પ્લોટ વેચાણ કર્યાથી તમામ પ્લોટ હોલ્ડરોએ પ્રમાણસર ભરવાનો રહેશે.

(૨૫) કોમન પ્લોટ અને રસ્તા ની જમીનનું રાજીનામું આપે ત્યારે બીનખેતી આકાર માફી કરવાનો થાય છે તેમ છતાં રસ્તા અને કોમન પ્લોટનો ઉપયોગ તો લોકો ટીના રહીશો ને કરવાનો રહેશે.

(૨૬) ભુગભાગુ નગર રચના યોજનામાં સરકારશ્રી દ્વારા ફેરફાર સુચવવામાં આવે તો તે બંધનકર્તા રહેશે.

(૨૭) આજુબાજુની જમીનમાં ઉપયોગ જવા માટે રસ્તાઓ એવી વ્યવસ્થા અરજદારે પોતાને ખર્ચે કરવાની રહેશે.

(૨૮) સરકારશ્રીપાસેથી આ બાબતે વખતો વખત સુધારા થાય તે મુજબની શરત લાગુ પડશે.

(૨૯) સરકારશ્રીના મહેસુલ વિભાગના પરીપત્ર નં. બખપ-૧૦૮૨-૩૨૭૧-ક તા. ૨૬-૬-૧૯૮૮ થી ગીવીલ એરોડ્રોમ માટે નક્કી કર્યા મુજબ ૨૦ કીમી. ની મર્યાદામાં આવે તો આ વિસ્તાર હોય તો ઉપરોકત જગ્યા બાંધકામ પ્લાન વખતે સીવીલિયન ખાતાનો નેશનલ એરપોર્ટઓથોરીટી ની મંજુર કરી મેળવવાનો રહેશે.

(૨૯-અ) આજુ ખાતેદારે પોતાની જમીનમાં તમોએ ઓવરલેપીંગ કરેલ હોવાથી વાંધા અરજી રજૂ કરેલ છે વાંધેદારોને સાંભળવામાં આવેલ છે ભાગ ની જમીની ક્ષેત્રફળમાં ફેરફાર થશે તો તે અંગે અરજદારોને બંધનકર્તા રહેશે.

(૩૦) આજુબાજુની જમીન બાબતમાં કોઇ પણ ના.મ.કોર્ટમાં કોઇ કેસ ચાલતો હશે તો તે અરજદારોના ઉત્તરોત્તર ખરીદનારાઓને બંધનકર્તા રહેશે.

(૧)

(૩૧) આ બાબતે કે કોઈ પણ શરત મુજબ ને આવેલ પરિશિષ્ટોની કોઈ પણ એક શરત કે બધી શરતોનો ભંગ માલુમ પડશે તો લે.રે.કો.ક. હેઠળ પગલા લેવાને પાત્ર રહેશે.

(૩૨) સવાલવાળી જમીનનો બીનખેતી આકાર દર ચો.મી. એકના ૨-૧૨ પૈસા મુજબ તા. ૧-૮-૨૦૦૦ થી લેવાનો રહેશે લે-આઉટ પ્લાન મંજુર કરતી વખતે પ્લોટવાર આકાર મુકરર કરવામાં આવશે

ઉપરોકત બીનખેતી આકારની નોંધ ગામ તથા તાલુકા દફતરે તેમજ સનંદમાં કરવાની રહેશે સનંદ નમુના -એમ- તથા એમએમ માં મામલતદારશ્રી રાજકોટ તાલુકા એ અપીલ પીરીયડ પુરો થયા બાદ તૈયાર કરી અમોને મોકલી આપવાની રહેશે.

ગામ તથા તાલુકા દફતરે દાખલો રાખવો.

સહી: પી.એન. પટેલ
કલેકટર
રાજકોટ જીલ્લા

પ્રતિ,
શ્રી બકુભાઈ મહેતાભાઈ સંચિત વિગેરે
C/o કે. વી. ગેલાણી
એડવોકેટ પંચ-કિનરજની બીલ્ડીંગ
ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ (પ્લાન સાથે)

<u>નકલ સાદર રવાના</u> :-

૧) નાયબ કલેકટરશ્રી રાજકોટ
૨) નાયબ નગર નિયોજકશ્રી રાજકોટ મહાનગરપાલિકા
૩) જીલ્લા નીરીક્ષકશ્રી જમીન દફતર, રાજકોટ
૪) સીટી સર્વે ઓફીસરશ્રી રાજકોટ
૫) મામલતદારશ્રી રાજકોટ
હુકમ મુજબ અમલ કરવા સારૂ
૬) તલાટી-કમ મંત્રી નાનામવા
C/o મામલતદાર કચેરી, રાજકોટ તાલુકા
હુકમ મુજબ અમલ કરવા સારૂ
૭) પરિશિષ્ટ-૫ ની ફાઈલે

રવાના કર્યું
શીરસ્તેદાર
બીનખેતી શરતભંગ
રાજકોટ

આકરોરીના હુકમ નાં એનએ-લેરૈકોક-૯૫

અરજી નં. ૧૯૮/2000/૨૦૦૧ તા. ૧૬-૭-૨૦૦૧ સાથેનું જોડાણ

પરિશિષ્ટ. ૧

૧. વાદગ્રસ્ત જમીનના ખેતીલાયક આકાર કમી કરી બીન ખેતીનો દર ચોરસ મીટરે ૦|૧૨ પૈસા મુજબ પ્રતિ અરજદારે સરકારશ્રીને ભરવાનો રહેશે.

૨. આ બીનખેતીની જમીન જીલ્લા નિરીક્ષણશ્રી જમીન, દફતરથી માપણી કરવામાં આવશે. અને માપણી થયા પછી જે જમીનના ક્ષેત્રફળની વધઘટ થશે તે મુજબ બીનખેતીનો આકાર ભરવાનો રહેશે. ક્ષેત્રફળના વધઘટના સુધારાનો હુકમ અત્રેથી કાઢવામાં આવશે અને તે પ્રમાણે સનંદમાં પણ સુધારો કરવામાં આવશે ઉપરાંતહિસ્સા ફોર્મ ૪ પ્રમાણે સનંદમાં હીસ્સાની નોધ કરવામાં આવશે. જો માપણી થયા બાદ કોઇ સરકારી જમીનનું દબાણ જણાશે તો તેને આ મંજુરીની કોઇ અસર થશે નહી. અને તે બાબતમાં લેન્ડ રેવન્યુ કોડ કલમ અને રૂલ્સ અનુસાર ધોરણસરની કાર્યવાહી થઇ શકશે.

૩. અરજદારે માપણી ફી ભરવી પડશે અને લે આઉટ મુજબ સ્થળ ઉપર હદ નિશાન ઉભા કરવા પડશે.

૪. સરકારશ્રી તરફથી લાગુ કરવામાં આવેલ લોકલ ફંડ એજ્યુકેશન શેષ વિગેરે ઇતર વેરાની રકમ પણ સરકારશ્રીને ભરવાની રહેશે.

૫. હુકમમાં અગર સનંદમાં કોઇ કારકુની અથવા ગણતરીની ભુલ હશે તો તેમાં સુધારો થઇ શકશે.

૬. સૌરાષ્ટ્ર ઘરખેડ ટેનન્સી સેટલમેન્ટ એન્ડ એગ્રીકલ્ચરલલેન્ડ ઓર્ડીનન્સ ૧૯૪૯ જે વિસ્તારને લાગુ છે, તેમાં કરવામાં આવેલ જોગવાઇઓને આ મંજુરી આધીન છે.

૭. સને ૧૯૪૭ના મુંબઇનાં ખેતીની જમીનના ટુકડા પડતાં અટકાવવા અને તેનું એકત્રીકરણ કરવાની બાબતમાં અધિનીયમની જોગવાઇને આ મંજુરી આધીન છે.

૮. આ જમીનનો ફકત રહેણાંક હેતુ. માટે ઉપયોગ કરવાની છે આ સિવાયની કલેકટરશ્રીની અગાઉથી પરવાનગી લીધા સીવાય બીજા કોઇ હેતુ માટે ઉપયોગ કરવાની લેન્ડ રેવન્યુ કોડની કલમ ૪૮/૪ નીચે મનાઇ કરવામાં આવે છે.

૯. મંજુર થયેલ લે આઉટ પ્લાનમા બતાવ્યા પ્રમાણે સાર્વજનીક હેતુ માટે અને જાહેર રસ્તા માટે ખુલ્લી જમીન મુકવાની રહેશે અને આ જમીનમાં અરજદાર આંતરિક રસ્તા કરવા અને આ જમીનને જાહેર માર્ગ સાથે સાંકળવા એપ્રોચ રોડ કરવા પડશે અને તૈયાર થયા પછી જાળવવા પડશે અને આ તમામ ખર્ચ અરજદારે કરવું પડશે અરજદારે ગટર તથા પાણીની તથા દિવાબતીની વગેરેની સગવડ કરવી પડશે અને જાળવવા પડશે અને તમામ ખર્ચ અરજદારે ભોગવવાનું રહેશે. જ્યાં સુધી મ્યુનીસીપાલીટી અગર તો પંચાયત આવી જવાબદારી સંભાળી લે નહી. ત્યાં સુધી અરજદારે આ ખર્ચ ભોગવવું પડશે. આ જમીન મ્યુનુસીપાલીટી અથવા પંચાયત સંભાળી લે ત્યારે આ જમીનનું અરજદારોને કંઇ વળતર મળશે નહી. આ જમીનનો બીનખેતીનો આકાર ભરવો પડશે. જ્યાં સુધી મ્યુનીસીપાલીટી અથવા તો પંચાયત આ જમીન સંભાળી લે નહી ત્યાં સુધી આકાર ભરવાનો રહેશે.

૧૦. મંજુર થયેલ પ્લાનમાં બતાવ્યા પ્રમાણે જ જમીન ઉપર બાંધકામ કરવાનું છે, અને પ્લોટની બાકીની જમીન ખુલ્લી જગ્યા તરીકે મુકી દેવાની છે, પ્લાનમાં જણાવ્યા પ્રમાણેના માર્જીન બાંધકામ કરતી વખતે રાખવાના છે.

૧૧. મંજુર થયેલ પ્લાન મુજબ ચણતર કામ કરવાનું છે. અત્રેથી પ્રથમ લેખીત મંજુરી મેળવ્યા સીવાય પ્લાનમાં તેમજ બાંધકામમાં કોઇ પ્રકારનો વધારો તથા ફેરફાર કરી શકાશે નહી.

...CTOR, RAJKOT ... STATE

૧૨. જે બાંધકામ કરવામાં આવે તે રાજ્યનાં રેખા નિયમ (રીબન ડેવલપમેન્ટ રુલ્સ) અને રાજ્યનાં મકાન બાંધકામના નિયમ (બીલ્ડીંગ રેગ્યુલેશન) ને
આધીન રાખીને કરવું.

૧૩. પરવાનગી હુકમની તારીખથી છ માસની અંદર બાંધકામ શરૂ કરવું પડશે, અરજદાર જો તેમ કરવામાં નિષ્ફળ જશે તો દંડ અને બીનખેતીનો
આકાર શીક્ષા તરીકે તેમની પાસે વસુલ કરવામાં આવશે.

૧૪. બાંધકામ શરૂ કરવામાં આવે કે તરત જ અરજદારે લેખીત નિવેદનથી તલાટી મારફત મામલતદારશ્રીને એક માસની અંદર જણાવવું. અરજદાર જો
તેમ કરવામાં નિષ્ફળ જશે તો દંડ અને બીનખેતી આકાર તેમની પાસેથી શીક્ષા તરીકે વસુલ કરવામાં આવશે.

૧૫. બાંધકામ શરૂ કરવામાં આવે કે તરત જ અરજદારે લેખીત નિવેદનથી તલાટી મારફત મામલતદારશ્રીને એક માસની અંદર જણાવવું. અરજદાર જો
તેમ કરવામાં નિષ્ફળ જશે તો દંડ અને બીનખેતી આકાર શીક્ષા તરીકે તેમની પાસેથી વસુલ કરવામાં આવશે.

૧૬. અરજદારે સનંદ ફોર્મ "એમ" અને "એમએમ" માં મામલતદારશ્રી સમય નીયુકત કરે તે સમયમાં ભરી જવું જો અરજદાર તેમ કરવામાં નિષ્ફળ જશે
તો દંડ અને બીનખેતી આકાર શીક્ષા તરીકે તેમની પાસેથી વસુલ કરવામાં આવશે.

૧૭. પરવાનગી વિરુદ્ધ બાંધકામ અથવા વપરાતા કોઈપણ મકાન અને ઈમલાને કલેકટરશ્રી આ અર્થે જે મુદત દરમ્યાન ખસેડવાનું અથવા તેમાં ફેરફાર
કરવાનું ફરમાવે તો તે કાયદેસર ગણાશે, અને ઠરાવેલ મુદત દરમ્યાન એવી રીતે ખસેડવામાં અથવા તેમાં ફેરફાર કરવામાં ન આવે તો [illegible] તેમ
કરવાને અને તેમ કરવામાં જે ખર્ચ થાય તે અરજદાર પાસેથી જમીન મહેસુલની બાકી તરીકે વસુલ કરવાને મુખત્યાર છે.

૧૮. આ કચેરીનાં હુકમમાં જણાવ્યુ છે તે સીવાય આ મંજુરી લેન્ડ રેવન્યુ કોડની જોગવાઈને આધીન રહેશે.

૧૯. આ મંજુરીને જે જે ઉપર જણાવ્યા પ્રમાણે શરતો લાદવામાં આવે છે તે પૈકી કોઈપણ શરતોનો અરજદાર ભંગ કરે તો લેન્ડ રેવન્યુ કોડ પ્રમાણે
અરજદાર જે કોઈ શીક્ષાને પાત્ર હોય તે ઉપરાંત કલેકટરશ્રી જે કાંઈ દંડ અને બીનખેતીનો આકાર શીક્ષા તરીકે વસુલ લેવા ઠરાવે તે અરજદારે
ભરવો પડશે.

૨૦. આ મંજુરીને જે જે ઉપર જણાવ્યા પ્રમાણેની શરતો લાદવામાં આવેલ છે તે પૈકી કોઈપણ શરતોનો અરજદાર ભંગ કરે તો અરજદારને કલેકટરશ્રી
જે કંઈ દંડ અને બીનખેતીના આકારની શીક્ષા કરે તે ઉપરાંત મંજુરી પણ રદ કરી શકશે અને સનદ જો અપાઈ ગયેલ હોય તો તે પણ રદ કરી શકશે.

૨૧. આ ઉપરાંત વિશેષ શરતો આ સાથે જોડેલ પરિશિષ્ટ-૨ મુજબની લાગુ પાડવામાં આવે છે.

૨૨. બીન ખેતીમાં ફેરવાયેલ જમીનનાં જે હેતુ માટેનું બાંધકામ પુરૂ થયે તે માસની અંદર તેની જાણ પરવાનગી આપનાર અધીકારીને કબજેદારે
કરવાની રહેશે.

સહી/-
(પી.એમ.પટેલ)
કલેકટર
રાજકોટ જીલ્લા, રાજકોટ.

રવાના કર્યુ:

[illegible]
મામલતદાર
[illegible], રાજકોટ.

આ કચેરીના હુકમ નાં એનએ-લેરેકોક-૯૫

અરજી નાં. ૧૯-૮/ ૨૦૦૦/૨૦૦૧ તા. ૧૫-૭-૦૧ સાથેનું જોડાણ

પરિશિષ્ટ. ૨

ખેતીની જમીન બીનખેતીના હેતુઓ માટે ઉપયોગમાં લેવા પરવાનગી જમીનના ધારણ કરનારાઓ જ્યારે માંગે ત્યારે તેઓએ પાલન કરવાનાં થતા રાજકોટ જીલ્લાના કલેકટરશ્રીને લેન્ડ રેવન્યુ રુલ્સના વહીવટી હુકમ ૨૪ (એ) નીચે નકકી કરેલ મકાન બાંધકામના નિયમો અને અનુસરવાની થતી કાર્યવાહી માટેના નિયમો.

૧. જ્યારે મોટા વિસ્તારમાં રહેઠાણનાં વસવાટ કોલોની માટે ઉપયોગમાં લેવા માટે દરખાસ્ત કરવામાં આવે ત્યારે અરજદારે જમીનના લે આઉટમાં તેની અરજી સાથે સામેલ રાખવો ફરજીયાત છે નહીંતર તેની ખેતીની જમીન બીનખેતીના હેતુઓ માટે ઉપયોગમાં લેવા પરવાનગી માટેની અરજી સંધરવામાં આવશે નહી.

૨. દરેક મકાનની પ્લોટ અને દરેક મુખ્ય મકાનને લગતા મકાનોવાળા પ્લોટના ક્ષેત્રફળ કરતા ૬૦ ટકા ક્ષેત્રફળ કરતાં ઓછી નહીં તે રીતે ઓછામાં ઓછી ખુલ્લી જગ્યા રાખવાની છે.

૩. જો પ્લોટનું ક્ષેત્રફળ ૫૪૦૦ ચો. ફુટ કરતાં ઓછુ નહીં હોય તો કુલ ૩ માળી "એક જમીન ઉપરનો અને બે ઉપરનાં માળ" માટેની પરવાનગી અને બે ઉપરના માળ માટેની પરવાનગી આપવામાં આવશે જો પ્લોટનું ક્ષેત્રફળ ૫૪૦૦ ચો. ફુટ કરતાં ઓછું હશે તો કુલ બે માળ (એક જમીનં ઉપરનો અને એક ઉપરનો માળ) માટેની પરવાનગી આપવામાં આવશે જ્યાં પ્લોટનાં ક્ષેત્રફળ ૬૦ ટકા કરતાં ઓછી નહી તેટલી જગ્યા રાખવાનું નકકી કરેલ છે જ્યાં બે માળ માટેની પરવાનગી આપવામાં આવશે.

૪. રેલ્વે હદથી ૧૦૦ ફુટની અંદર મકાનનું ચણતર કરવાની પરવાનગી આપવામાં આવશે નહીં સિવાય કે રેલ્વે સતાવાળાઓ પાસેથી નો ઓબજેકશન સર્ટીફીકેટ મેળવીને અરજી સાથે રજુ કરવામાં આવે.

૫. એરોડ્રામની હદથી એકમાઇલનાં વર્તુળમાં મકાનનું ચણતર પરવાનગી આપવામાં આવશે નહી. સિવાય કે સીવીલ એવીયેશન ખાતા પાસેથી (નો ઓબજેકશન સર્ટીફિકેટ) મેળવીને અરજી સાથે રજુ કરવામાં આવશે.

૬. જો અરજદાર તેની અરજી સાથે સાઇટ પ્લાન અને એલીવેશન સેકશન એલીવેશન ડીટેઇલ્ડ બીલ્ડીંગ પ્લાન સ્કેલથી તૈયાર કરેલા મોકલશે નહીં તો જમીનનો રહેણાંકનો મકાનનો હેતુ ઉપયોગમાં લેવા સક્ષમ ગણાશે નહી.

૭. મકાનનું બાંધકામ કરવા માટે જેવી શરતથી પરવાનગી આપવામાં આવશે કે કબજેદાર ડેવલપમેન્ટ સ્કીમઅનુસાર રસ્તો તૈયાર કરીને અથવા ચાલુ અસ્તીત્વમાં રસ્તા યોગ્ય જવા આવવાના રસ્તા માટે વ્યવસ્થા કરે.

૮. સામાન્ય રીતે બાંધવાનું દરેક મકાનનું મૂળ રસ્તા પર રહેશે.

૯. મુંખ્ય રસ્તાઓ શીવાયનાં બીજા રસ્તાઓનાં હદથી ૧૫ ફુટની અંદર મકાનનું બાંધકામ કરવું નહી.

૧૦. ચાલુ દરેક દિશામાં ૧૦૦ ફુટ કરતાં વધારે માપની નથી એ રીતે બાંધવાની રહેશે.

૧૧. જે પ્લોટ રસ્તાઓ સમીપ આવેલા છે તેમાં રાજ્યનાં જમીન પટ્ટી વિકાસ અટકાવવા માટે બાંધકામ અને નિયંત્રણ રેખાના નિયમો (રીબન ડેવલેપમેન્ટ રૂલ્સ)માં નક્કી કરવામાં આવેલ અંતરની અંદર મકાનનું બાંધકામ કરવાની પરવાનગી આપવામાં આવશે નહી.

૧૨. પ્લોટની હદથી (પીરીમીટરથી) ૧૦ ફુટની અંદર મકાનનું બાંધકામ કરવુ નહી.

૧૩. મુખ્ય મકાનને જોડેલ અને એક બાજુની પેરાપેટ દિવાલ શીવાય ત્રણ બાજુથી ખુલ્લો વાહન રાખવા માટેનો ઢાંકયા વગરનો પોર્ચ, પાછળની ખુલ્લી જગ્યા સીવાય કોઈ એક જગ્યામાં કરવાની નીચેની શરતોને આધીન રહીને પરવાનગી આપવામાં આવશે.

એ. મુખ્ય મકાનને પોર્ચ સમાંતર હોવો જોઇએ અને તે ૧૦ કરતાં પહોળી ૧૨ ફુટ કરતાં લાંબો ઉચ્ચાઇનાં એક માળ કરતાં વધારે હોવો જોઇએ નહી.

OFFICE OF THE COLL

૫

બી. પ્લોટની તે બાજુની હદ પોર્ચ વચ્ચે ઓછામાં ઓછી ૫ ફુટની જગ્યા રાખવી જોઇએ.

સી. પોર્ચનો ઉપલો ભાગ ટેરેસ તરીકે વાપરી શકશે નહી.

ડી. પ્લોટના બાંધકામ થયેલ ક્ષેત્રફળની ગણતરી વખતે પોર્ચથી ઢંકાયેલ વિસ્તારનું ક્ષેત્રફળ ગણતરીમાં લેવામાં આવશે નહી.

૧૪. જયારે પ્લોટમાં એક કરતા વધારે મકાનો હોય ત્યારે દરેક મુખ્ય મકાન અલગ પ્લોટમાં છે. તેમ ગણીને દરેક મકાનને ફરતા તે જ મારજીન પ્રમાણે ખુલ્લી રાખવાની છે.

સીવાય કે પ્લોટની પાછળની બાજુમાં મુખ્ય મકાનથી અલગ અને તેના માટેના એક માળની જમીન ઉપર સંડાસ અથવા બહારનાં ઘર-આઉટ હાઉસ એક માળની "જમીન ઉપરના" કે જેમાં મદદરૂપ સગવડતાઓ માટેના જેવા કે મોટર ગેરેજ નોકરોનાં મકાન, રસોડું છે સ્ટોરરૂમ, બાંધવા માટેની પરવાનગી આપવામાં આવશે.

૧૫. રહેણાંકના મકાનોના કીસ્સામાં જમીનમાં સામાન્ય લેવલથી ઓછામાં ઓછા ૨ ફૂટ ઉપરની પ્લીન્થ હોવી જોઇએ.

૧૬. રહેણાંકના ઉપયોગ માટે લેવાતા રૂમની કોઇપણ એક બાજુ ૧૦ ફૂટ કરતાં ઓછી હોવી જોઇએ નહી. આવા દરેક રૂમની કોઇપણ એક બાજુ તેની પુરી લંબાઇ સાથે ફરતી ખુલ્લી જગ્યા ઉપર હોવી જોઇએ. રહેણાંકના રૂમની સપાટીનું ક્ષેત્રફળ ૧૪૪ ચો. ફુટ કરતા ઓછું હોવું જોઇએ નહી.

૧૭. મુખ્ય મકાનની બાજુમાં અથવા પાછળ સંડાસ કરવા જોઇએ અને તેની ૧૦ ફૂટ કરતાં ઓછી નહીં તેવી અંતરે જોઇએ સંડાસ પડોશીને નુકશાનકારક હોવા જોઇએ નહી. કુવાથી ૩૦ ફુટની અંદરની અંતરે સંડાસ હોવા જોઇએ નહીં અને જાહેર જનતાની નજરથી ઢાંકેલા હોવા જોઇએ.

૧૮. જો નિયમિત અને બરાબર સાફ કરવા માટેની કોઇ વ્યવસ્થા અસ્તીત્વમાં નહીં હોય તેવા દટણ જાજરૂનું (સેરાપુલ)નું ચણતર કરવા માટેની પરવાનગી આપવામાં આવશે નહી.

૧૯. કુવાથી ૧૦૦ ફુટની અંદર દટણ જાજરૂ, (સેસપુલ) બનાવવું નહી અને વાપરવું નહી.

૨૦. મળમુત્ર એકત્રીત કરવા માટે કાંઇપણ ખાળકુવો અથવા કોઠી ઉપયોગમાં લેવી નહી.

૨૧. રહેણાંક કોઇપણ મકાનમાં ઢોર રાખવું જોઇએ નહીં તબેલો અથવા ઢોરનું છાપરૂં રહેણાંકના મકાનથી ૧૦ ફુટની અંદર ચણવું નહી.

૨૨. દરેક મકાનનું ચણતર પાકુ હોવું જોઇએ અને તેઓના ચણતરમાં સહેલાઇથી સળગી ઉઠે તેવા પદાર્થો વાપરવા નહી.

૨૩. જ્યાં દુકાનનું બાંધકામ કરવાનું હોય ત્યાં રસ્તાની હદ અને દુકાન વચ્ચેની જગ્યા સખ્ત પદાર્થ જેવા કે મેટલ, મોરમ, લેવલ અને રોલ કરીને અને મજબુત બનાવીને તૈયાર કરવી જોઇએ.

૨૪. કલેકટરશ્રીની અગાઉથી લેખીત પરવાનગી સીવાય કે મકાનના ફેરફાર અથવા વધારો કરી શકશે નહી.

૨૫. પ્લોટનાં વિભાજન અથવા ટુકડા પાડી શકશે નહી. કારણકે પ્રત્યેક પ્લોટ સરવે નંબરની પેટા વિભાગ સબ ડીવીઝન છે.

૨૬. રસ્તા તરફનાં મારજીન વિસ્તારમાં કંપાઉન્ડની દિવાલ ૩॥ ફુટ કરતાં ઉંચા હોવ જોઇએ નહી. અને તે ખસેડવાની જરૂરીયાત ઉભી થશે ત્યારે એવી દિવાલ ખસેડી શકાશે અને તે માટે કોઇપણ જાતનાં વળતર માટે દાવો થઇ શકશે નહી.

૨૭. મકાનના પ્લોટ અંદરનાં ચોકથી રોકાયેલ વિસ્તાર બાંધખામ નહીં થયેલી ખુલી જગ્યા તરીકે ગણી શકાશે નહી.

સહી/-
(પી. એમ. પટેલ)
કલેકટર
રાજકોટ જીલ્લા, રાજકોટ.

રવાના કર્યુ :

મામલતદાર
...ખેતી. રાજકોટ

રજી. નં. ૪૭૬૬

-: ખરી નકલ : ડોડીયા

નકલ માંગનાર કિશોરભાઈ ... નાથાભાઈ

અરજી કર્યાની તારીખ ૩૧/૭/૧૯

કચેરીમાં અરજી [illegible] તારીખ ... —

અરજી તૈયાર કર્યા [illegible] ... ૨૧.૮.૧૯

ખરી નકલ આપવામાં આવી તા ... ૮/૧૯

ખરી નકલનાં પાનાની સંખ્યા ૨૦

	૩ાં. ૧
નકલ ફીની રકમ રૂ.	૨૦
મુકાબલા ફીની રકમ રૂ.	૨૦
રેકર્ડ શોધવાની ફી રૂ.	—
કાગળ ફી રૂ.	૨
કુલ રૂ.	૨૨

નકલ તૈયાર કરનારની સહી

નકલ મુકાબલા કરનારની સહી

કલેક્ટર વતી,

રાજકોટ જીલ્લા

OFFICE OF THE COLLECTOR, RAJKOT DIST. GUJARAT STATE

નાં. એનએ-લેરેકોક-૬૫-કેસ નં. ૧૯૮/૨૦૦૧-૨૦૦૧

કલેક્ટર કચેરી,
બિનખેતી શરતભંગ શાખા,
રાજકોટ
તા. ૧૫-૧૦-૨૦૦૧

વિષય:- રાજકોટ તાલુકાના નાના મવા ગામના રેવન્યુ સ.નં. ૪૪ પૈકી જમીન ચો.મી. ૨૮૩૨૮-૦૦ ને રહેણાંક હેતુ માટે બિનખેતીમાં ફેરવેલ તેના લે-આઉટ પ્લાન મંજુર કરવા બાબત.

વંચાણ:- (૧) શ્રી બચુભાઈ ગણેશભાઈ સિંધવ અને શ્રી ભરતભાઈ રાવતભાઈ વાળા રહે. રાજકોટની તા. ૨૭-૮-૨૦૦૧ ની અરજી
(૨) અત્રેના સરખા ક્રમાંકનો હુકમ તા. ૧૬-૭-૨૦૦૧

-:: હુકમ ::-

શ્રી બચુભાઈ ગણેશભાઈ સિંધવ અને શ્રી ભરતભાઈ રાવતભાઈ વાળાએ તા. ૧૯-૧-૨૦૦૧ અને તા. ૯-૫-૨૦૦૧ ની અરજીથી રાજકોટ તાલુકાના નાના મવા ગામના સ.નં. ૪૪ પૈકીની જમીન ચો.મી. ૨૮૩૨૮-૦૦ ને બીનખેતીમાં ફેરવી આપવા અંગે માંગણી કરતાં તે અન્વયે કેસ પ્રોસેસ કરી કાર્યવાહી કરતાં સબંધિત ખાતાઓના અભિપ્રાય આવતાં તા. ૧૬-૭-૨૦૦૧ ના સરખા ક્રમાંકના હુકમથી બીનખેતી પરવાનગી આપતો હુકમ કરવામાં આવેલ. જેમાં લે-આઉટ પ્લાન ધનરાજ એન્ડ કું. નામના રજૂ થયેલાં હોવાથી અને સદરહુ પેઢીએ મુળ જમીન ધારક શ્રી બચુભાઈ ગણેશભાઈ વગેરેના નામે સક્ષમ ઓથોરીટી પાસે આ પ્લાન નામ ફેર કરાવી એપ્રુવ કરાવે તો પેઢીને હરકત નથી તેવી સહમતિ આપેલ તે વિગતે અરજદારના નામે લે-આઉટ પ્લાન એપ્રુવ કરાવી રજૂ કરવાના રહેશે તેવી શરત બીનખેતી હુકમમાં રાખવામાં આવેલ.

જેથી અગાઉ ધનરાજ એન્ડ કું. ના નામે ઉક્ત જમીનના લે-આઉટ પ્લાન એપ્રુવ કરાવી તે રજૂ કરવામાં આવેલ હતાં તેના બદલે હવે સંદર્ભ-૧ માં દર્શાવેલ અરજીથી અરજદારશ્રીઓએ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન રાજકોટના વર્ગીકરણ પત્ર નાં. ૧૦૨૧ તા. ૨૬-૭-૨૦૦૧ થી પોતાના નામે એપ્રુવ કરેલ લે-આઉટ પ્લાન અત્રેના મંજુરી અર્થે રજૂ કરેલ છે. જેથી અત્રેના તા. ૧૬-૭-૨૦૦૧ ના બીનખેતી હુકમમાં દર્શાવેલ તમામ શરતો સાથે અરજદાર શ્રી બચુભાઈ ગણેશભાઈ વગેરેએ સંદર્ભ-૧ માં દર્શાવેલ વિગતે રજૂ થયેલ લે-આઉટ પ્લાન રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશને એપ્રુવ કરેલ શરતો સહ બીનખેતી રહેણાંકના હેતુ માટે આથી મંજુર કરવામાં આવે છે.

મુળ હુકમ તા. ૧૬-૭-૨૦૦૧ ના હુકમની તમામ શરતો અને પરિશિષ્ટ-૧ તથા ૨ ની શરતોનું પાલન કરવાનું રહેશે તેમજ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના વર્ગીકરણ પત્ર નાં. ૧૦૨૧ તા. ૨૬-૭-

..... ૨

૨૦૦૧ ની શરતોનું પાલન કરવાનું રહેશે. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રવર્તમાન બાંધકામના નિયમો અને જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

સહી/- (પી.એન. પટેલ)
કલેક્ટર
રાજકોટ જિલ્લા

પ્રતિ,
શ્રી બચુભાઈ નથુભાઈ સિંધવ
શ્રી ભરતભાઈ રાવતભાઈ વાળા
૧૦૦૧-૧૦૦૨ ધનરજની બિલ્ડીંગ,
ડો. યાજ્ઞિક રોડ,
<u>રાજકોટ</u>

<u>નકલ સાદર રવાના:</u>
(૧) નાયબ કલેક્ટરશ્રી, રાજકોટ
(૨) આસીસ્ટન્ટ ટાઉન પ્લાનરશ્રી, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન, રાજકોટ
(૩) જિલ્લા નિરિક્ષકશ્રી, જમીન દફતર, રાજકોટ
(૪) સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી, રાજકોટ
(૫) મામલતદારશ્રી, રાજકોટ તાલુકા
(૬) તલાટીશ્રી, નાના મવા C/O. મામલતદાર કચેરી, રાજકોટ તાલુકા
(૭) પરિશિષ્ટ-૫ ની ફાઈલે
(૮) આ કચેરીની રેકર્ડ શાખા

રવાના કર્યું
મામલતદાર
બિનખેતી રાજકોટ જિલ્લા

ઉપરીના હુકમ નાં. એનએ-લે.રે.કો.ક.-૬૫-ફેરા નં. ૧૯૮/૨૦૦૦-૨૦૦૧ તા.૧૪-૧૦-૨૦૦૧ સાથે જોડવાનું પત્રક-૧

પ્લોટ નંબર	ક્ષેત્રફળ	બિનખતી આકાર રૂા. પૈસા	પ્લોટ નંબર	ક્ષેત્રફળ	બિનખેતી આકાર રૂા. પૈસા
૧	૧૧૧૫.૧૬	૧૩૩.૮૦	૭૬	૨૭૪.૧૦	૩૨.૯૦
૨	૨૫૦.૧૦	૩૦.૦૦	૭૭	૨૯૩.૫૪	૩૫.૨૦
૩	૯૬.૬૩	૧૧.૬૦	૭૮	૯૨.૦૧	૧૧.૦૦
૪	૯૬.૬૩	૧૧.૬૦	૭૯	૯૨.૦૧	૧૧.૦૦
૫	૯૬.૬૩	૧૧.૬૦	૮૦	૯૨.૦૧	૧૧.૦૦
૬	૯૬.૬૩	૧૧.૬૦	૮૧	૯૨.૦૧	૧૧.૦૦
૭	૯૬.૬૩	૧૧.૬૦	૮૨	૯૨.૦૧	૧૧.૦૦
૮	૯૬.૬૩	૧૧.૬૦	૮૩	૯૨.૦૧	૧૧.૦૦
૯	૯૬.૧૩	૧૧.૫૦	૮૪	૯૨.૦૧	૧૧.૦૦
૧૦	૯૬.૧૩	૧૧.૫૦	૮૫	૯૨.૦૧	૧૧.૦૦
૧૧	૯૬.૧૩	૧૧.૫૦	૮૬	૧૩૧.૦૭	૧૫.૭૦
૧૨	૯૬.૧૩	૧૧.૫૦	૮૭	૧૩૧.૦૭	૧૫.૭૦
૧૩	૯૬.૧૩	૧૧.૫૦	૮૮	૯૨.૦૧	૧૧.૦૦
૧૪	૯૬.૧૩	૧૧.૫૦	૮૯	૯૨.૦૧	૧૧.૦૦
૧૫	૯૬.૧૩	૧૧.૫૦	૯૦	૯૨.૦૧	૧૧.૦૦
૧૬	૯૬.૧૩	૧૧.૫૦	૯૧	૯૨.૦૧	૧૧.૦૦
૧૭	૯૬.૧૩	૧૧.૫૦	૯૨	૯૨.૦૧	૧૧.૦૦
૧૮	૨૯૫.૯૦	૩૫.૫૦	૯૩	૯૨.૦૧	૧૧.૦૦
૧૯	૩૩૦.૨૨	૩૯.૬૦	૯૪	૯૨.૦૧	૧૧.૦૦
૨૦	૯૬.૧૩	૧૧.૫૦	૯૫	૯૨.૦૧	૧૧.૦૦
૨૧	૯૬.૧૩	૧૧.૫૦	૯૬	૯૨.૧૮	૧૧.૧૦
૨૨	૯૬.૧૩	૧૧.૫૦	૯૭	૧૪૭.૪૯	૧૭.૭૦
૨૩	૯૬.૧૩	૧૧.૫૦	૯૮	૧૦૯.૪૪	૧૩.૧૦
૨૪	૯૬.૧૩	૧૧.૫૦	૯૯	૯૨.૦૧	૧૧.૦૦
૨૫	૯૬.૧૩	૧૧.૫૦	૧૦૦	૯૨.૦૧	૧૧.૦૦
૨૬	૯૬.૧૩	૧૧.૫૦	૧૦૧	૯૨.૦૧	૧૧.૦૦
૨૭	૯૬.૧૩	૧૧.૫૦	૧૦૨	૯૨.૦૧	૧૧.૦૦
૨૮	૯૬.૧૩	૧૧.૫૦	૧૦૩	૯૨.૦૧	૧૧.૦૦
૨૯	૯૬.૧૩	૧૧.૫૦	૧૦૪	૯૨.૦૧	૧૧.૦૦
૩૦	૯૬.૧૩	૧૧.૫૦	૧૦૫	૯૨.૦૧	૧૧.૦૦
૩૧	૧૦૬.૭૬	૧૨.૮૦	૧૦૬	૯૨.૦૧	૧૧.૦૦
૩૨	૯૨.૦૧	૧૧.૦૦	૧૦૭	૯૨.૦૧	૧૧.૦૦
૩૩	૯૨.૦૧	૧૧.૦૦	૧૦૮	૯૨.૦૧	૧૧.૦૦

આ કચેરીના હુકમ નાં. એનએ-લે.રે.કો.ક.-૬૫-કેસ નં. ૧૯૮/૨૦૦૦-૨૦૦૧ તા. -૧૦-૨૦૦૧ સાથે જોડવાનું

૩૪	૯૨.૦૧	૧૧.૦૦	૧૦૯	૯૨.૦૧	૧૧.૦૦
૩૫	૯૨.૦૧	૧૧.૦૦	૧૧૦	૧૩૧.૦૭	૧૫.૭૦
૩૬	૯૨.૦૧	૧૧.૦૦	૧૧૧	૧૩૧.૦૭	૧૫.૭૦
૩૭	૧૩૧.૦૭	૧૫.૭૦	૧૧૨	૯૨.૦૧	૧૧.૦૦
૩૮	૧૩૧.૦૭	૧૫.૭૦	૧૧૩	૯૨.૦૧	૧૧.૦૦
૩૯	૯૨.૦૧	૧૧.૦૦	૧૧૪	૯૨.૦૧	૧૧.૦૦
૪૦	૯૨.૦૧	૧૧.૦૦	૧૧૫	૯૨.૦૧	૧૧.૦૦
૪૧	૯૨.૦૧	૧૧.૦૦	૧૧૬	૯૨.૦૧	૧૧.૦૦
૪૨	૯૨.૦૧	૧૧.૦૦	૧૧૭	૯૨.૦૧	૧૧.૦૦
૪૩	૨૮૫.૩૩	૩૪.૨૦	૧૧૮	૯૨.૦૧	૧૧.૦૦
૪૪	૩૦૧.૪૨	૩૬.૨૦	૧૧૯	૯૨.૦૧	૧૧.૦૦
૪૫	૯૨.૦૧	૧૧.૦૦	૧૨૦	૯૨.૦૧	૧૧.૦૦
૪૬	૯૨.૦૧	૧૧.૦૦	૧૨૧	૯૨.૦૧	૧૧.૦૦
૪૭	૯૨.૦૧	૧૧.૦૦	૧૨૨	૨૬૪.૯૭	૩૧.૮૦
૪૮	૯૨.૦૧	૧૧.૦૦	૧૨૩	૨૭૮.૧૪	૩૩.૪૦
૪૯	૯૨.૦૧	૧૧.૦૦	૧૨૪	૯૨.૭૮	૧૧.૧૦
૫૦	૧૩૧.૦૭	૧૫.૭૦	૧૨૫	૯૩.૪૪	૧૧.૨૦
૫૧	૧૩૧.૦૭	૧૫.૭૦	૧૨૬	૯૪.૧૦	૧૧.૩૦
૫૨	૯૨.૦૧	૧૧.૦૦	૧૨૭	૯૪.૭૬	૧૧.૪૦
૫૩	૯૨.૦૧	૧૧.૦૦	૧૨૮	૯૫.૪૨	૧૧.૫૦
૫૪	૯૨.૦૧	૧૧.૦૦	૧૨૯	૯૬.૦૮	૧૧.૫૦
૫૫	૯૨.૦૧	૧૧.૦૦	૧૩૦	૯૬.૭૩	૧૧.૬૦
૫૬	૯૨.૦૧	૧૧.૦૦	૧૩૧	૯૭.૩૯	૧૧.૭૦
૫૭	૯૨.૦૧	૧૧.૦૦	૧૩૨	૯૮.૦૫	૧૧.૮૦
૫૮	૧૧૦.૨૮	૧૩.૨૦	૧૩૩	૯૮.૭૧	૧૧.૮૦
૫૯	૧૧૮.૮૩	૧૪.૩૦	૧૩૪	૯૯.૩૭	૧૧.૯૦
૬૦	૯૨.૦૧	૧૧.૦૦	૧૩૫	૧૩૯.૭૪	૧૬.૮૦
૬૧	૯૨.૦૧	૧૧.૦૦	૧૩૬	૧૪૨.૫૭	૧૭.૧૦
૬૨	૯૨.૦૧	૧૧.૦૦	૧૩૭	૧૦૨.૩૯	૧૨.૩૦
૬૩	૯૨.૦૧	૧૧.૦૦	૧૩૮	૧૦૧.૧૫	૧૨.૧૦
૬૪	૯૨.૦૧	૧૧.૦૦	૧૩૯	૯૯.૭૮	૧૨.૦૦
૬૫	૯૨.૦૧	૧૧.૦૦	૧૪૦	૯૮.૪૧	૧૧.૮૦
૬૬	૯૨.૦૧	૧૧.૦૦	૧૪૧	૯૭.૦૪	૧૧.૬૦
૬૭	૧૩૧.૦૭	૧૫.૭૦	૧૪૨	૯૬.૨૭	૧૧.૬૦
૬૮	૧૩૧.૦૭	૧૫.૭૦	૧૪૩	૯૬.૭૯	૧૧.૬૦

આ કચેરીના હુકમ નં. એનએ-લે.રે.કો.ક.-૬૫-ફેર નં. ૧૯૮/૨૦૦૦-૨૦૦૧ તા. -૧૦-૨૦૦૧ સાથે જોડવાનું પત્રક-૧

૬૯	૯૨.૦૧	૧૧.૦૦	૧૪૪	૯૬.૬૩	૧૧.૬૦
૭૦	૯૨.૦૧	૧૧.૦૦	૧૪૫	૯૬.૨૨	૧૧.૫૦
૭૧	૯૨.૦૧	૧૧.૦૦	૧૪૬	૯૩.૮૫	૧૧.૩૦
૭૨	૯૨.૦૧	૧૧.૦૦	૧૪૭	૯૨.૪૮	૧૧.૧૦
૭૩	૯૨.૦૧	૧૧.૦૦	૧૪૮	૯૧.૧૧	૧૧.૦૦
૭૪	૯૨.૦૧	૧૧.૦૦	૧૪૯	૮૯.૭૩	૧૦.૮૦
૭૫	૯૨.૦૧	૧૧.૦૦	૧૫૦	૧૪૦.૧૭	૧૬.૮૦

	ચો.મી.	આકાર રૂ. પૈ.
કુલ પ્લોટનું ક્ષેત્રફળ	૧૭૪૪૩-૭૭	૨૦૬૩-૦૦
સાર્વજનિક પ્લોટનું	૨૮૩૫-૨૬	૩૪૦-૦૦
રસ્તાનું	૮૦૪૮-૯૭	૯૬૭-૦૦
કુલ ક્ષેત્રફળ	૨૮૩૨૮-૦૦	૩૪૦૦-૦૦

રવાના કર્યું

મામલતદાર

બિનખેતી રાજકોટ જિલ્લા

સહી/- (પી.એન. પટેલ)

કલેકટર

રાજકોટ જિલ્લા

(૫) 3

રજી. નં. ૪૭૬૬

-: ખરી નકલ :- ડોડીયા

નકલ માંગનાર... પરેશભાઈ નાથાભાઈ

અરજી કર્યાની તારીખ... ૩૧/૭/૧૯

કચેરીમાં [illegible] તારીખ... [illegible]

નકલ તૈયાર થયાની તારીખ... ૨/૮/૧૯

ખરી નકલ આપવામાં આવી તા... ૮/૧૯

ખરી નકલનાં પાનાંની સંખ્યા... ૫

અ. ૧

નકલ ફીની રકમ રૂ.	૫
મુકાબલા ફીની રકમ રૂ.	૫
રેકર્ડ શોધવાની ફી રૂ.	-
કાગળ ની ફી રૂ.	૨
કુલ રૂ.	૧૨

નકલ તૈયાર કરનારની સહી

નકલ મુકાબલા કરનારની સહી

કલેક્ટર વતી,
રાજકોટ જીલ્લા

OFFICE OF THE COLLECTOR, RAJKOT DIST. GUJARAT STATE
કલેક્ટર કચેરી, રાજકોટ જિલ્લો